GOI-REF 31

<u>આર.ટી.આઈ.મેટર</u>

ક્રમાંક : આરટીઆઈ/૨૦૦૭/૪૫૭૨૯૭(ભા.સ.)/આરટીઆઈ સેલ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ : ૮ –૭ –૨૦૦૯.

પ્રતિ,

૧. માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
૨. અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલયના સર્વે વિભાગો
૩. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
૪. સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ,સેક્ટર–૧૮,ગાંધીનગર.
૫. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ,અમદાવાદ.
૬. સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
૭. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
૮. સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ,ગાંધીનગર.
૯. સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર.
૧૦. સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,અમદાવાદ.
૧૧. ડેપ્યુટી ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ.
૧૨. સર્વે જિલ્લા કલેક્ટરશ્રી.
૧૩. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.

વિષય: ગોવા ખાતેની મુંબઈ હાઈકોર્ટનો માહિતી અધિકારનો અધિનિયમ,૨૦૦૫ હેઠળ માહિતીને લગતી બાબતમાં ડો.સેલ્સા પિન્ટો <u>વિરુદ્ધ</u> ગોવા રાજ્ય માહિતી આયોગના કિસ્સામાં ૨૦૦૭ની રીટ પિટિશન નં.૪૧૯ પરનો તા.૩/૪/૨૦૦૮નો નિર્ણય.

શ્રીમાન

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આર.ટી.આઈ. એકટ હેઠળ કરવામાં આવેલ અરજી સંદર્ભમાં મુંબઈ હાઈકોર્ટમાં દાખલ કરાયેલ રિટ પીટીશન સંદર્ભમાં મુંબઈ હાઈકોર્ટ દ્વારા તા.૩/૪/૨૦૦૮ના રોજ આપવામાં આવેલ ચુકાદામાં "માહિતી" ની વ્યાખ્યા સંદર્ભે કેટલીક સ્પષ્ટતા કરવામાં આવેલ છે.આ ચુકાદાનો સંબંધિત ભાગ ભારત સરકારશ્રીના મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ,પબ્લિક ગ્રિવન્સીસ એન્ડ પેન્શન્સના તા.૧/૬/૨૦૦૯ના ઓફિસ મેમોરન્ડમ ક્રમાંક:૧/૭/૨૦૦૯–આઈઆર, અન્વયે પરિપત્રિત કરવામાં આવેલ છે.સદરહુ ઓફિસ મેમોરન્ડમની અંગ્રેજી નકલ તથા તેના ગુજરાતી અનુવાદની નકલ બંને આ સાથે સામેલ છે.

(P.T.O.)

સદરહુ બાબતની જાણ આપના વિભાગના વહીવટી હકુમતમાંના સર્વે ખાતાના વડાઓ / જિલ્લા / તાલુકા / ગ્રામ કક્ષાની કચેરીઓ/ બોર્ડ/ નિગમ/ગ્રાન્ટ ઇન એઈડ સંસ્થાઓ/સરકારના નિયંત્રણ હેઠળના સંસ્થાનો વગેરે સહિતના સર્વે જાહેર સત્તામંડળો / જાહેર માહિતી અધિકારીઓ / એપેલેટ અધિકારીઓના ધ્યાન ઉપર પણ અચૂક લાવવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સી.એસ.ઉપાધ્યાય)
સરકારના નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

<u>બિડાણ:</u> ઉપર મુજબ.

<u>નકલ રવાના:-</u>

૧. નાયબ સચિવશ્રી,માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
૨. નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
૩. સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
૪. ના.સૈ.અધિકારી સિલેક્ટ ફાઈલ.
૫. શાખા સિલેક્ટ ફાઈલ.

(1)

No.1/7/2009-IR
Government of India
Ministry of Personnel, Public Grievances & Pensions
Department of Personnel & Training

....

North Block, New Delhi
Dated: the 1st June, 2009

## OFFICE MEMORANDUM

**Subject**: Decision dated 3.4.2008 of the High Court of Bombay at Goa in Writ Petition No.419 of 2007 in the case of Dr. Celsa Pinto Vs. Goa State Information Commission regarding information under the Right to Information Act, 2005.

****

The undersigned is directed to say that the High Court of Bombay at Goa in the above referred case has held on 3.4.2008 that the term 'information' as defined in the Right to Information Act does not include answers to the questions like 'why'. The relevant part of the judgement is reproduced below:

> "The definition of information cannot include within its fold answers to the question "why" which would be same thing as asking the reason for a justification for a particular thing. The public information authorities cannot expect to communicate to the citizen the reason why a certain thing was done or not done in the sense of a justification because the citizen makes a requisition about information. Justifications are matter within the domain of adjudicating authorities and cannot properly be classified as information."

2. This may be brought to the notice of all concerned.

(K.G. Verma)
Director
Tel: 23092158

1. All the Ministries / Departments of the Government of India
2. Union Public Service Commission/ Lok Sabha Sectt./ Rajya Sabha Secretariat/ Cabinet Secretariat/ Central Vigilance Commission/ President's Secretariat/ Vice-President's Secretariat/ Prime Minister's Office/ Planning Commission/Election Commission.
3. Central Information Commission/State Information Commissions.
4. Staff Selection Commission, CGO Complex, New Delhi
5. O/o the Comptroller&Auditor General of India, 10, Bahadur Shah Zafar Marg, New Delhi.
6. All officers/Desks/Sections, DOP&T and Department of Pension & Pensioners Welfare.

Copy to: Chief Secretaries of all the States/UTs.

GOI-REF 29

(૨)

ક્રમાંક: ૧/૭/૨૦૦૯/આઈઆર
ભારત સરકાર
કર્મચારીવર્ગ, જાહેર ફરિયાદો અને પેન્શન મંત્રાલય
કર્મચારીવર્ગ અને તાલીમ વિભાગ

નોર્થ બ્લોક, નવી દિલ્હી
તા. ૧ લી જુન, ૨૦૦૯.

**કચેરી યાદી**

વિષય: ગોવા ખાતેની મુંબઈ હાઈકોર્ટનો માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતીને લગતી બાબતમાં ડો. સેલ્સા પિન્ટો વિરૂધ્ધ ગોવા રાજ્ય માહિતી આયોગના કિસ્સામાં ૨૦૦૭ની રીટ પિટિશન નં. ૪૧૯ પરનો તા. ૩/૪/૨૦૦૮નો નિર્ણય.

---

નીચે સહી કરનાર આજ્ઞાનુસાર જણાવે છે કે ગોવા ખાતેની મુંબઈ હાઈકોર્ટે તા. ૩/૪/૨૦૦૮ના રોજ ઉપર જણાવેલ કિસ્સામાં જણાવેલ છે કે માહિતીના અધિકાર અધિનિયમમાં વ્યાખ્યા કર્યા મુજબ "માહિતી" શબ્દમાં "શા માટે" પ્રકારના પ્રશ્નોના જવાબોનો સમાવેશ થતો નથી. ચુકાદાનો લાગુ પડતો ભાગ નીચે ફરી જણાવેલ છે :

" માહિતીની વ્યાખ્યાના ફલકમાં "શા માટે" પ્રશ્નના જવાબોનો સમાવેશ થતો નથી જે જવાબો કોઈ બાબતની ઉચિતતા અંગેના કારણ પૂછવા બરાબરની બાબત થશે. ઉચિતતા સંદર્ભે અમુક બાબતો શા માટે કરવામાં આવી કે ન કરવામાં આવી તે જણાવવાનું જાહેર માહિતી અધિકારીઓ પાસેથી અપેક્ષા રાખી શકાય નહિ કારણકે નાગરિક માહિતી માંગે છે. ઉચિતપણું ન્યાય નિર્ણય કરનાર સત્તાધિકારીઓની સતામાં આવે છે અને તેને માહિતી તરીકે યોગ્ય રીતે વર્ગીકૃત કરી શકાય નહિ."

૨. આ બાબત તમામ સંબંધિતોના ધ્યાને લાવવી.

(કે.જી.વર્મા)
નિયામક
ટેલી. ૨૩૦૯૨૧૫૮

૧. ભારત સરકારના તમામ મંત્રાલયો/વિભાગો.
૨. સંઘ જાહેર સેવા આયોગ/લોકસભા સચિવાલય/રાજ્યસભા સચિવાલય/મંત્રીમંડળ સચિવાલય/કેન્દ્રિય તકેદારી આયોગ/રાષ્ટ્રપતિનું સચિવાલય/ઉપરાષ્ટ્રપતિનું સચિવાલય/વડાપ્રધાનની કચેરી/આયોજન પંચ/ચૂંટણી પંચ.
૩. કેન્દ્રિય માહિતી આયોગ/રાજ્ય માહિતી આયોગો.
૪. સ્ટાફ સીલેકશન કમિશન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી.
૫. કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાની કચેરી, ૧૦, બહાદુરશાહ ઝફર માર્ગ, નવી દિલ્હી.
૬. તમામ અધિકારીઓ/મેજ/વિભાગો, ડીઓપી એન્ડ ટી અને પેન્શન અને પેન્શનર્સ કલ્યાણ.

**નકલ રવાના:**
તમામ રાજ્યો/સંઘપ્રદેશોના મુખ્યસચિવશ્રીઓ.